દવા-ઇન્જેક્શન અને જથ્થો જોવા મળતા રોગચાળો ફેલાવવાની વકી

સંજેલી તાલુકાના ચમારીયા નજીક મેડિકલ વેસ્ટ મળતા આરોગ્ય વિભાગ સામે ગંભીર સવાલો

લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર તત્વોને આડકતરી રીતે બચાવાશે કે કડક કાર્યવાહી કરાશે?

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ચમારીયા ગામ નજીક આવેલા ચીબોટા નદી પર જંગલ વિસ્તારમાં મોટા પ્રમાણમાં મેડિકલ વેસ્ટ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચિંતા અને રોષનો માહોલ ફેલાયો છે ચીબોટા નદીના કાંઠે ખુલ્લે આમ દવાની ખાલી બોટલો, ઈન્જેક્શન અને ગોળીઓના કવર સહિતનો જોખમી મેડિકલ કચરો જોવા મળ્યો છે, જે સીધો માનવ આરોગ્ય અને પર્યાવરણ માટે ગંભીર હાનિકારક રોગચાળો ફેલાવવાનો ભય સતાવે છે. ચમારીયા ગામની સીમ નજીક જંગલ તથા રોડની સાઈડ વિસ્તારમાં આવી જ રીતે મોટી સંખ્યામાં દવાઓની બોટલો, ઈન્જેક્શન અને જથ્થો જોવા મળતા સ્થાનિક લોકો અને વટે માર્ગુ માં રોગચાળો ફેલાવવાની લોક ચર્ચાઓ થઈ રહી છે જેની આરોગ્ય વિભાગ તાત્કાલિક તપાસ કરે તેવી સ્થાનિક લોકોની માંગ છે અને મેડિકલ વેસ્ટ જોવા મળતાં ગંભીર સવાલો ઊભા થયા છે જો સમયસર કડક કાર્યવાહી અને બોગસ તબીબો સામે કડક તપાસ કરવામાં નહીં આવે તો માનવજાત પર ખતરામાં રહેશે.

ખુલ્લા જંગલમાં મેડિકલ વેસ્ટ ફેંકવાની હિંમત કોઈ કરે છે તો એ પાછળ મજબૂત તંત્રની નિષ્ફળતા અથવા મળતાવળ હોવાની શંકા સ્વાભાવિક છે. હવે માંગ છે કે દાહોદ જિલ્લામાં સઘન તપાસ કરવામાં આવે, જેથી બોગસ ડોક્ટરો અને મેડિકલ કચરા માફિયાની પોલ ખુલે.હવે જોવાનું રહ્યું કે આરોગ્ય વિભાગ સાચી અને નિષ્પક્ષ તપાસ કરે છે કે પછી લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર તત્વોને આડકતરી રીતે બચાવવામાં આવશે. કે કડક કાર્યવાહી કરવામાં આવશે ?હવે જોવાનું રહ્યું.

એડવાન્સ આપવાનું કહી ૩.31 લાખ પડાવી લીધા

૩.10 કરોડના લોનની ઠગાઈના ગુનામાં આરોપીના જામીન રદ

ઠગાઇના ગુનામાં પોલીસે એક મહિલા સહિત 13 આરોપી સામે ગુનો દાખલ

વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપતા બે પૈકી એક આરોપી અરજી ગુજારી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

સસ્તામાં સોનુ તથા રૂપિયા 10 કરોડની લોન અપાવવાનું કહીને રૂ.4.92 કરોડની ઠગાઈના ગુનામા જેલવાસ ભોગવતા આરોપીએ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ત્યારે આરોપીની આ રેગ્યુલર જામીન અરજી મેજિસ્ટ્રેટ દ્વારા નામંજૂર કરાઇ છે. વડોદરા શહેરના ગેંડા સર્કલઆવેલા સિગ્નેટ હબમાં ત્રીજા માળે રાધે એન્ટ્રપ્રાઈઝ ઈનપોર્ટ એક્ષપોર્ટ એન્ડ ફાયનાન્સની ઓફીસ ખોલીને રાજવીર તેના ભાગીદારો તેમજ વિશાલ બારડ તથા નયનાબેન મહીડાએ ઓછી કિંમતે સોનુ આપવાની લાલચ આપી રૂપિયા પડાવી લઇ વિશાલ તથા નયના મહીડાએ લોન અપાવવા બહાને રાજવીરે સસ્તુ સોનુ અપાવવાના બહાને રૂ.4.61 કરોડ તથા વિશાલ બારડે પોતે લોન એજન્ટ હોવાનું જણાવી રૂપિયા 10 કરોડની લોન આપવા માટે બેંકના મેનેજરને કમીશન પેટે એડવાન્સ આપવાનું કહી રૂ.31 લાખ મેળવી પડાવી લીધા હતા. ત્યારે વિરલ સાપરીયા સહિત 13 આરોપીઓએ વિરુદ્ધ 4.92 કરોડની સસ્તા ભાવે સૌનુ આપવાના રૂપિયા ૧૦ કરોડની લોન અપાવવાનું કહ્યું હતું પરંતુ સોનું નહી આપી કે લોન પણ નહી અપાવડાવી બનાવટી પોલીસની ઓળખ ઉભી છેતરપિંડી આચરી હતી. જેની ફરિયાદ જેપી રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે બે આરોપીઓને જેલ ભેગા કરી દીધા હતા. જેથી આરોપી પૈકી વિશાલ સાપરીયાએ વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી કરાવી હતી. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા વિશાલ સાપરીયાની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

વર્તમાન સમયમાં દરેક માનવ જીવનમાં શાંતિની તીવ્ર જરૂરિયાત

બ્રહ્માકુમારીઝ ગુજરાતનો 21મો હીરક જયંતી મહોત્સવ ઉજવાશે

અમદાવાદમાં "શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહ", વર્લ્ડ મેડિટેશન ડે પર 60,000થી વધુ લોકોનું સામૂહિક ધ્યાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ગુજરાત ઝોનની ઈશ્વરીય સેવાઓની 60 વર્ષની સફળ યાત્રા નિમિત્તે 'હીરક જયંતી'ના ઉપલક્ષમાં તારીખ 21 ડિસેમ્બર, 2025 (રવિવાર)ના રોજ સાંજે 4 વાગ્યે અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે ભવ્ય અને દિવ્ય "શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહ"નું આયોજન કરવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં દરેક માનવ જીવનમાં શાંતિની તીવ્ર જરૂરિયાત અનુભવાય છે. આવા સમયે મૂલ્યોથી મૂલ્યવાન જીવન નિર્માણના ઉદ્દેશ સાથે આ વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હોવાનું ગુજરાત ઝોનના ડાયરેક્ટર રાજયોગીની ભારતીદીદીએ જણાવ્યું છે.

વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે યોજાનારા આ સમારોહની અધ્યક્ષતા બ્રહ્માકુમારીઝના મુખ્યાલય માઉન્ટ આબુના સહ મુખ્ય પ્રશાસિકા રાજયોગીની જયંતીદીદી કરશે. સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. નીરજા ગુપ્તા, કુલપતિ - ગુજરાત યુનિવર્સિટી તથા વિશેષ અતિથિ તરીકે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર ભ્રાતા જી.એસ. મલિક ઉપસ્થિત રહેશે.

હીરક જયંતી સમારોહના મુખ્ય આકર્ષણો

વિશ્વ ધ્યાન દિવસે વૈશ્વિક શાંતિ માટે 60,000થી વધુ શ્વેત વસ્ત્રધારી રાજયોગી બ્રહ્માકુમાર ભાઈ-બહેનો એક જ લક્ષ્ય સાથે સામૂહિક મેડિટેશન કરશે.સાત મૂલ્યો આધારિત સપ્તરંગી થીમ સાથે ગીત, સંગીત, કલા અને સંસ્કૃતિનો અનોખો સંગમ; 100થી વધુ કલાકારો દ્વારા આધ્યાત્મિક રજૂઆતો.60 તપસ્વી રાજયોગીની બહેનો પવિત્રતાના પ્રતિકરૂપ કમળ આસન પર બેસીને ધ્યાન કરશે.પ્રતિષ્ઠિત મહાનુભાવોના શુભેચ્છા વીડિયો સંદેશ અને બ્રહ્માકુમારીઝ ગુજરાતની ઈશ્વરીય સેવાઓની ઝલક.આ સમારોહનું જીવંત પ્રસારણ પણ નિહાળી શકાય તેમ છે. આપ જ્યાં હો ત્યાંથી મન દ્વારા આ સમૂહ મેડિટેશનમાં જોડાઈ શાંતિનો અનુભવ કરી શકો છો.ઘર, પરિવાર, સમાજ, દેશ અને વિશ્વ શાંતિ માટે સહભાગી બનવા માટે સૌને હાર્દિક આમંત્રણ આપવામાં આવે.

દાળમાં પાણી મિક્સ કરીને જથ્થો ઓછો કરાય છે, નાસ્તો પણ ગાયબ

પોષણ નહીં, પાણી! કપુરાઈની આંગણવાડીમાં બાળકોને ભોજનમાં 'પાણી જેવી દાળ'

કાર્યકરોની ઘરભેગી કરવાની પ્રવૃત્તિ સામે વાલીઓમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના કપુરાઈ વિસ્તારમાં આવેલી આંગણવાડી 7 માં બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા સામે વાલીઓએ ગંભીર આક્ષેપો કર્યા છે. વાલીઓનો આરોપ છે કે સ્થાનિક આંગણવાડીના કાર્યકરો બાળકોના ભોજનમાં પાણી મિક્સ કરીને પાણી જેવી પતલી દાળ આપી રહ્યા છે. આ ઉપરાંત, ભોજન લઈને આવતી વાનમાં વ્યવસ્થિત રસોઈ આવતી હોવા છતાં આંગણવાડીના કાર્યકરો ડબ્બા ભરીને દાળ અને નાસ્તો ઘરે લઈ જતા હોવાનો ચોંકાવનારો આક્ષેપ પણ વાલીઓએ કર્યો છે. સરકાર દ્વારા આંગણવાડીમાં ભણવા આવતા બાળકોને પોષણ મળી રહે તે હેતુથી નાસ્તો અને બપોરે ભોજન આપવાની પ્રથા ચાલી રહી છે. નિયમિતપણે તૈયાર રસોઈ લઈને આવતા વાહનમાં યોગ્ય ગુણવત્તાની વિવિધ રસોઈ લાવવામાં આવે છે. પરંતુ, કપુરાઈ વિસ્તારમાં આવેલી આંગણવાડી 7 માં વિપરીત સ્થિતિ જોવા મળી છે. વાલીઓના જણાવ્યા અનુસાર, બાળકોને બપોરે જમવામાં પીરસવામાં આવતી દાળમાં કાર્યકરો મોટા પ્રમાણમાં પાણી મિક્સ કરી દે છે, જેથી તે પાણી જેવી પતલી બની જાય છે. વાલીઓએ આક્ષેપ કર્યો છે કે ભોજન લઈને આવતા વાહનમાં રસોઈની ગુણવત્તા સારી હોય છે, પરંતુ સ્થાનિક કાર્યકરો વાહનમાંથી રસોઈ ઉતાર્યા બાદ સૌપ્રથમ દાળના ડબ્બા પોતાના માટે ભરી લે છે, અને ત્યારબાદ વધેલી દાળમાં પાણી મિક્સ કરીને બાળકોને આપી દે છે. આ અંગે આંગણવાડીએ પોતાના બાળકની રસોઈ બાબતે તપાસ કરવા આવેલા વાલીઓને આ વિગતની જાણ થઈ હતી, જેથી તેમણે કાર્યકરોને આ બાબતે પૂછ્યું હતું. કાર્યકરોએ વાલીઓને જણાવ્યું હતું કે આંગણવાડીમાં બાળકોની સંખ્યા વધી ગઈ હોવાથી તેમને દાળમાં પાણી મિક્સ કરવું પડે છે. આ સિવાય, બાળકોને નિયમિતપણે નાસ્તો પણ આપવામાં આવતો નથી તેવા આક્ષેપો પણ થયા છે. જ્યારે આંગણવાડીના જવાબદારોને આ અંગે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે જણાવ્યું હતું કે નાસ્તો ખલાસ થઈ જતો હોવાથી બાળક બાળકોને અપાયો નથી. જોકે, વાલીઓનો સીધો આક્ષેપ છે કે બાળકોને અપાતો નાસ્તો પણ બારોબાર પગ કરી જતો હોવાની શક્યતા છે. વાલીઓએ આ સમગ્ર મામલે જ વાબદાર કાર્યકરો અને અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી થા ય અને બાળકોને પૂરતું તથા ગુ ણવત્તાયુક્ત ભોજન મળે તેવી સખત માંગણી કરી છે.

જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત ખેલાડીઓ માટે પસંદગી પ્રક્રિયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત હાઇટના આધારે જે ખેલાડી તા.૦૧/૦૧/૨૦૧૧ પછી જન્મેલા ભાઈઓ અને બહેનો માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે.હાઇટ હંટના માપદંડો મુજબ તા.૦૧/૧૧/૨૦૧૧ પછી જન્મેલા બહેનો જેમની ઉંચાઇ ૧૬૩ સે.મી. કે તેથી વધુ હોય તે પ્રક્રીયામાં ભાગ લઇ શકે. તા.૦૧/૧૧/૨૦૧૧ પછી જન્મેલા ભાઈઓ જેમની ઉંચાઇ ૧૭૩ સે.મી. કે તેથી વધુ હોય તે પ્રક્રીયામાં ભાગ લઇ શકે છે. આ વિગતો અનુસાર રમતગમતમાં રસ ધરાવતા ખેલાડીઓએ જિલ્લા રમત સંકુલ વાઘોડીયા રોડ, પરીવાર ચાર રસ્તા પાસે, રાજીવ ગાંધી સ્વીમીંગ પુલની બાજુમાં, વાઘોડીયા રોડ, વડોદરા ખાતે તા.૧૮ અને તા.૧૯ના રોજ સવારે 9 થી 12 વાગ્યા સુધી ઉપસ્થિત રહેવું.

હજારો અકીદતમંદોની હાજરીમાં જનાઝા અને દફનવિધિ સંપન્ન

સય્યદ કમાલુદ્દિન મઝહરુલ્લા રિફાઈના પત્ની ફરુક બેગમ જન્નતનશીન

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ખાનકાહે રિફાઈયા ના સજ્જાદા નશીન હઝરત સય્યદ કમાલુદ્દિન મઝહરુલ્લા રિફાઈ સાહેબના પત્ની ફરુક બેગમનું કાલે રાત્રે દુઃખદ અવસાન થયું હતું. તેમના અવસાનના સમાચાર પ્રસરેતા જ ધાર્મિક તથા સામાજિક વર્તુળોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આજે બપોરે 3 વાગ્યે ખાનકાહે રિફાઈયા પરથી મરહુમા ફરુક બેગમનો જનાજો શહેરની જુમ્મા મસ્જિદ ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં સજ્જાદા નશીન હઝરત સય્યદ કમાલુદ્દિન રિફાઈ સાહેબ દ્વારા જનાઝાની નમાઝ પઢાવવામાં આવી હતી. જનાઝાની નમાઝમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન સહિતના વિવિધ વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં અકીદતમંદો હાજર રહ્યા હતા. સમગ્ર વાતાવરણ ગમગીન બન્યું હતું અને મરહુમા માટે દુઆ કરવામાં આવી હતી. ત્યારબાદ સાંજે 5 વાગ્યે ખાનકાહે રિફાઈયા ખાતે ઈસ્લામી રિવાજ મુજબ મરહુમા ફરુક બેગમની દફનવિધિ કરવામાં આવી હતી. ધાર્મિક આગેવાનો, સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં અકીદતમંદોએ અંતિમ વિદાય આપી હતી. મરહુમા ફરુક બેગમના અવસાનને લઈ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ઊંડો શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ઝિયારત ગુરુવારે સવારે 10:00 વાગે રફાઈ સાહેબની દરગાહ ઉપર રાખવામાં આવી છે

દેવગઢબારિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

દાહોદ જિલ્લામાં મ્યુલ હંટ : સાઈબર ફ્રોડનો વધુ એક ગુનો નોંધાયો

દેવગઢ બારીયાના એક વ્યક્તિએ સાયબર ફ્રોડના રૂપિયા 3.19 લાખ પોતાના એકાઉન્ટમાં જમા કરાવ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દેવગઢ બારીયાના એક વ્યક્તિએ પોતાના બેંક એકાઉન્ટ અને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે રૂપિયા ૩.૧૯ લાખ ઉપરાંતની રકમની હેરાફેરી કરી મ્યુલ હંટ સાયબર ફ્રોડનો ગુનો આચાર્યનું તપાસમાં ખુલ્યું હોવાનું પોલીસ સુત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢબારિયા તાલુકા મથકે હરિઓમ નગરમાં રહેતા મિહિરકુમાર જયપ્રકાશભાઈ બારીયાએ તારીખ ૧૮-૧૧-૨૦૨૪ ના રોજ એકોનોલેજમેન્ટ નંબર-૨૨ ૫૦૪૨૫૦૦૦૭૭૬૫ના ફરિયાદી પાસેથી પોતાના બેંક એકાઉન્ટ અને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે રૂપિયા ૩, ૧૯,૧૫૦/-જેટલી માતબર રકમ પંજાબ નેશનલ બેંક દેવગઢબારિયા શાખાના પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવી મ્યુલ હંટ સાયબર ફ્રોડનો ગુનો આચર્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલતા દેવગઢ બારીયાના હરિ ઓમ નગર ખાતે રહેતા મિહિરકુમાર જયપ્રકાશભાઈ બારીયા વિરુદ્ધ દેવગઢબારિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૮(૪),૩૧૭(૨) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દારૂબંધી કાગળ પર? ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ હોય તેમ જોવાઈ રહ્યું

સંજેલી તાલુકાના મકુલઘાટી પાસે ઈંગ્લિશ દારૂની ખાલી બોટલોનો જથ્થો: પોલીસ તંત્ર પર સવાલ

તાલુકામાં લાખોનો દારૂ બુટલેગરો દ્વારા ઘુસાડવામાં આવે છે:પોલીસ તંત્ર પર ગંભીર સવાલ

સંજેલી તાલુકામાં બુટલેગરો રાત્રી દરમિયાન દારૂ ઘુસાડે છ, પોલીસ તંત્ર દ્વારા ચોકી બનાવી વાહન ચેક કરવામાં આવે તેવી માંગ

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

સંજેલી તાલુકામાં ઠેર ઠેર ઈંગ્લિશ દારૂનું ધૂમ વેચાણ ચાલી રહ્યું હોય તેમ જોવાઈ રહી છે. જ્યાં જુએ ત્યાં ઈંગ્લિશ દારૂનું ખાલી બોટલ નો જથ્થો વિપુલ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. સંજેલી તાલુકામાં દારૂબંધી કાગળ પર? ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ હોય તેમ પોલીસ તંત્ર પર ગંભીર સવાલ? પોલીસ તંત્ર ઈંગલિશ દારૂના હડ્ડા પર રેડ કરી કેશ કરવાનું મૂકી કેમ હડ્ડો સીલ કેમ કરતી નથી તેવા ગંભીર સવાલો ઉપસ્થિત થયા? સંજેલી તાલુકામાં અલગ અલગ જગ્યાએ કેટલાય ઈંગ્લિશ દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધમી રહીયા છે. આ બાબતે પોલીસને ખબર છે કે કેમ? ખબર છે તો તાત્કાલિક અડ્ડાઓ પર રેડ કરી બંધ કરાવો?પોલીસ આંખ આડા કાન કેમ કરી રહી છે. થોડા દિવસ અગાઉ એલસીબી દ્વારા રેડ કરવામાં આવી હતી અને દારૂનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી કરવામાં આવી છતાં આ બુટલેગરો અવનવી સિસ્ટમો થી લાખોનો દારૂ લાવી ધૂમ વેચાણ કરી રહ્યા છે. ત્યારે પોલીસ તંત્ર ફક્ત કેસ કરી ગુનેગારોને જામીન આપી દેવામાં આવે છે ખરેખર પોલીસ દ્વારા આ હડ્ડા પર રેડ કરી હડ્ડો શીલ મારવામાં આવે તેવી લોકોની માંગ. કેમ પોલીસ પીછે હટ કરી રહી છે કે પછી હપ્તા તો નથી લેતા ને તેવી તાલુકામાં ઠેર ઠેર ચર્ચાએ જોર પકડ્યું છે. અલગ અલગ બ્રાન્ડ ની કંપનીઓનો ઈંગ્લિસ દારૂનું ધૂમ વેચાણ સામે પોલીસ કડક કાર્યવાહી ક્યારે કરશે? પોલીસ ચુસ્ત બંદોબસ્ત કરી વિવિધ જગ્યાએ રેડ પાડવામાં આવે તો તમામ ઈંગ્લીશના અડધાઓ બંધ થઈ શકે છે.

ઝઘડિયા GIDCની એક કંપનીમાં કોન્ટ્રાક્ટ પર શ્રમિકો કામ કરતાં હતા

ઝઘડિયા નજીક શ્રમિકોને લઈ જતા ટેમ્પોની ગુલાટ, 30 ઈજાગ્રસ્ત, 3 ગંભીર

ટેમ્પો ચાલકે વળાંક પાસે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) ઝઘડિયા તા.16

ઝઘડિયા GIDCમાં શ્રમિકોને લઈ જતો ટેમ્પો પલટી ખાઈ જતાં 30 શ્રમિકો ઈજાગ્રસ્ત થવાની ઘટના સામે આવી છે.જ્યારે ત્રણ શ્રમિકની હાલત ગંભીર હોવાની વિગતો સાંપડી છે. ટેમ્પો ચાલકે વળાંક પાસે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે ગત મોડી રાત્રે ઝઘડિયા GIDCમાં આરતી કંપનીમાંથી કોન્ટ્રાક્ટ પર કામ કરતાં શ્રમિકો ભરેલો ટેમ્પો અચાનક પલટી મારી ગયો હતો. બ્લેક રોઝ કંપની પાસેના વળાંક નજીક ટેમ્પોના ડ્રાઈવરે કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં 30 શ્રમિકો ઈજાગ્રસ્ત થયાં છે. જ્યારે ત્રણ શ્રમિકની હાલત વધુ ગંભીર હોવાની વિગતો સાંપડી રહી છે. તમામ શ્રમિકોને અંકલેશ્વર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.અકસ્માતના બનાવને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
HeroHousing Finance
સંપર્ક સરનામું: ઓફિસ નં. 408, સિદ્ધાર્થ કોમ્પ્લેક્સ, એક્સપ્રેસ હોટલ પાસે, આર સી દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ગુજરાત - 390007. રજિસ્ટર્ડ. ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057 ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઈમેલ: customer.care@herohfl.com વેબસાઈટ: www.herohousingfinance.com I CIN: U65192DL2016PLC30148

કબજાની નોટિસ (સ્થાવર મિલકતો માટે)
(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વાંચેલા પરિશિષ્ટ IV મુજબ)

આથી નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી હોવાના નાતે સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચેલી કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ ડિમાન્ડ નોટિસ જારી કરીને ઉધાર લેનારાઓને ઉક્ત નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે આહ્વાન કર્યું છે.
ઋણ લેનાર રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી ઋણ લેનારને, ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે તેને કલમ 13(4) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને નિયમોના નિયમ 8 સાથે, નીચે વર્ણવેલ મિલકતનો કબજો મેળવ્યો છે.
ઋણ લેનાર, ખાસ કરીને અને સામાન્ય રીતે લોકોને આથી મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર તેના પર નીચે દર્શાવેલ રકમ, તેના પર વ્યાજ અને નીચે દર્શાવેલ તારીખથી દંડાત્મક વ્યાજ, ચાર્જ, ખર્ચ વગેરે હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉધાર લેનારનું ધ્યાન ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં કરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નં.	બંધકકર્તા(ઓ)નું નામ /કાનૂની વારસદાર(ઓ)/ કાનૂની પ્રતિનિધિ(ઓ)	ડિમાન્ડ નોટિસની તારીખ/ ડિમાન્ડ નોટિસ મુજબની રકમ	કબજાની તારીખ (સ્થાનાત્મક /ભૌતિક)
HHFVADLAP 22000021851	કહાર નીલમ નંદલાલ, કહાર શારદાબેન નંદલાલ	23.09.2025 રૂ. 22,91,367/- તારીખ 12.09.2025 મુજબ	12.12.2025 (પ્રતીકાત્મક)

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકતોનું વર્ણન:- દુકાન નં. બી-2 સ્થાવર મિલકતના તે બધા ટુકડા અને પાર્સલ, જવારામ સંકુલના ભોંયરામાં 104.84 ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયા, વિભાગ બી, ટીકા નં. 5/1, શીટ નં. બી/5/1, સિટી સર્વે નં. 236/1 થી 236/6, મંગળ બજાર, કરમા, જિલ્લા અને પેટા જિલ્લા વડોદરા, ગુજરાત રાજ્યમાં સ્થિત છે. શીર્ષક દસ્તાવેજમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકત સીમાઃ પૂર્વઃ દુકાન નં. બી-૧, પશ્ચિમઃ દુકાન નં. બી-3, ઉત્તરઃ કોમન પેસેજ, દક્ષિણઃ બોમ્બે લોજની મિલકત

તારીખઃ- 17-12-2025, સ્થળઃ- વડોદરા
એસડી/- અધિકૃત અધિકારી
ફોર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.
Aadhar Housing Finance Ltd
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
વડોદરા શાખા : ઓફિસ નંબર - 404, ચોથો માળ, એટલાન્ટિસ કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપ સામે, સારાભાઈ રોડ, વડોદરા - 390001, (ગુજરાત).

ઇ-ઓક્શન-સેલ નોટિસ
સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 8(6)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ગેજ છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. જે મિલકત કોઈ જાણીતા બોજા વિના ''જ્યાં છે ત્યાં'', ''જેમ છે તેમ'' અને ''જે છે તે'' આધારે વેચવામાં આવશે, જેની વિગતો નીચે આપેલ છેઃ

ક્ર. નં.	ઉધાર લેનાર(ઓ)/ સહ-ઉધાર લેનાર(ઓ)/ બાંયધરી આપનાર(ઓ)	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (RP)	EMD (RPના 10%)	કબજાની પ્રકૃતિ
1	(લોન કોડ નં. ૦૩૮૧૦૦૦૦૧૪૪/ વડોદરા શાખા) પ્રભાતભાઈ મકવાણા (ઋણ લેનાર) સરોજબેન મકવાણા (સહ-ઋણ લેનાર)	12-04-2025 & ₹ 3,13,557/-	મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ જેમાં, જી.એફ. પંચાયત મકાન નં. ૩૮૮ નિસાદ ફડીયુ સ્કૂલ રોડ વેલવડ પંચમહાલ ગુજરાત ૩૮૮૭૧૩, સીમાઓઃ પૂર્વ-રોડ, પશ્ચિમ-કોતર (ખુલ્લી જમીન), ઉત્તર- ગોપાલભાઈ અર્જુનભાઈ મકવાણાનું ઘર, દક્ષિણ-સ્વ-મિલકત (છતનું ઘર)	Rs. 5,28,000/-	Rs. 52,800/-	ભૌતિક

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકાર કરેલી શરતો (ટેન્ડર ડોક્યુમેન્ટ્સ) સાથે અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડીડી જમા કરાવવાની છેલ્લી તારીખ 20-01-2026 સાંજે 5.00 વાગ્યા સુધી છે, જે ઉપર જણાવેલ શાખાના સરનામા પર જમા કરાવવાની રહેશે. અથવા તેને https://bankeauctions.com પર અપલોડ કરવી. છેલ્લી તારીખ બાદ મળેલા ટેન્ડર દસ્તાવેજને અમાન્ય માનવામાં આવશે અને નામંજૂર કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.
2. https://bankeauctions.com પર મિલકત માટે બિડ/ઓફર (હરાજી તારીખ